### આંગણવાડીના બાળકોના ૩-૪ મહિનાના ફૂડ બીલ પેન્ડિંગ છે, તેના નિરાકરણ માટે રજૂઆત કરી: ચૈતર વસાવા

# નર્મદા ખાતે યોજાયેલ "જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ"ની બેઠકમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ જનહિતના પ્રશ્નો મુદ્દે રજૂઆત કરી

**નર્મદા જિલ્લાના વિકાસના જે કામો અધૂરા અને અટકેલા છે, તે માર્ચ એન્ડિંગ પહેલા પૂરા થાય એ પ્રકારની રજૂઆત સંકલન બેઠકમાં કરી: ચૈતર વસાવા**

અમદાવાદ/નર્મદા/ગુજરાત આમ આદમી પાર્ટી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા નર્મદા જિલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલન તથા ફરિયાદ નિવારણ સમિતિની બેઠક બાદ મીડિયા સમક્ષ મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ વિભાગોના વર્ગ-૧ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ધારાસભ્યએ જણાવ્યું કે નર્મદા જિલ્લાના હિતને લગતા અનેક પ્રશ્નો બેઠકમાં ઉઠાવવામાં આવ્યા. પોષણ સુધા યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતું મેનુ અને દર બાળક દીઠ મળતી રૂ. ૨૫ ની સહાય અંગે ચર્ચા કરવામાં આવી. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી પેન્ડિંગ ફૂડ બિલ બાબતે તેમણે તાકીદ કરી હતી. અધિકારીઓએ ગ્રાન્ટ મળતા જ ચુકવણી કરવાની ખાતરી આપી છે. ખેતીની જમીનના હસ્તાંતરણ અને વેચાણ સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ. આદિવાસી વર્ગ માટેની આવાસ યોજના હેઠળ ત્રીજો હપ્તો નાના-મોટા કામોના કારણે બાકી રહ્યો હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું. અધિકારીઓએ માર્ચ અંત સુધી બાકી રકમ ચૂકવવાની ખાતરી આપી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પણ ત્રીજો અને ચોથો હપ્તો પૂર્ણ થયેલા મકાનોને માર્ચ સુધી ચૂકવવા રજૂઆત કરવામાં આવી.

AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં અંદાજે ૮ થી ૧૦ હજાર અરજીઓ મંજૂર થયેલી હોવા છતાં માત્ર ૨૯૩૫ વિદ્યાર્થીઓને જ રકમ મળ્યાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો. બાકી તમામ વિદ્યાર્થીઓને ફેબ્રુઆરી-માર્ચ પહેલા ચુકવણી થાય તેવી માંગ કરવામાં આવી છે. કુંવરબાઈ મામેરા યોજનામાં મળેલી ૫૧૧ અરજીઓમાંથી ૩૯૩ મંજૂર થયેલી છે, બાકીની અરજીઓ પણ માર્ચ અંત સુધી પૂર્ણ કરવા રજૂઆત કરવામાં આવી. ડેડિયાપાડા તાલુકામાં સગાય રેન્જના અરેઠી ગામમાં વન વિભાગ દ્વારા વીજ કનેક્શન માટે જરૂરી દસ્તાવેજો ન આપવાના મુદ્દે પણ રજૂઆત કરવામાં આવી. વન વિભાગના કામોમાં મશીનરીના બદલે સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી. શંભુનગરથી ડેડિયાપાડા, ડેડિયાપાડાથી માલસામોટ રોડ તેમજ કુલસર-દુથર વચ્ચે અટકેલા વન વિભાગના કામો બે દિવસમાં ફરી શરૂ કરાશે તેવી ખાતરી ડીસીએફ દ્વારા બાંહેધરી આપવામાં આવી છે. આમ, નર્મદા જિલ્લાના વિકાસ માટે અટકેલા અને અધૂરા કામો માર્ચ અંત સુધી પૂર્ણ થાય તે માટે વહીવટી તંત્ર સમક્ષ મજબૂત રજૂઆત કરવામાં આવી છે.

# ગુજરાત કોંગ્રેસની કુંડળીમાં પાયલોટ યોગ સર્જાશે : દિલ્હી હાઈકમાન્ડ પાયલોટને ગુજરાતના પ્રભારી બનાવવામાં આવે તેવી શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગઈ કાલે ગુજરાત વિધાનસભામાં ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડે કોંગ્રેસના ગ્રહોની વાત કરી હતી અને ગુજરાતમાં કોગ્રેસ કેમ સત્તામાં નથી તેનુ કારણ જણાવ્યુ હતું. પરંતુ હવે લાગે છે કે ગુજરાતના કોંગ્રેસના ગ્રહો જલ્દી જ બદલાવા જઈ રહયા છે. કારણ કે ગુજરાત કોંગ્રેસની કુંડળીમાં પાયલોટ યોગ આવી રહયો છે.

ગુજરાત કોંગ્રેસના પ્રભારી બદલાય તેવી હલચલ દિલ્હી હાઈકમાન્ડમાં તેજ બની જવા પામી છે. ત્યારે રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટને ગુજરાત કોંગ્રેસના પ્રભારીની જવાબદારી સોંપાય તેવી ચર્ચા વહેતી થઈ છે.

ગુજરાત કોંગ્રેસમાં સ્થાનિક સ્વરાજયની અને વિધાનસભાની ચુંટણી પહેલા મોટી હલચલ થવા જઈ રહી છે. દિલ્હી થી મળેલા સમાચારો પ્રમાણે જલ્દી જ ગુજરાત કોંગ્રેસના પ્રભારી બદલાઈ શકે છે. હાલ મુકુલ વાસનિક ગુજરાત કોંગ્રેસના પ્રભારી છે. કોંગ્રેસના યુવા નેતા અને રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટને ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકેની જવાબદારી સોંપાઈ શકે છે. કોંગ્રેસના આંતરીક સુત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી કોંગ્રેસ હાઈકમાન્ડ મોટાપાયે પરીવર્તન કરવા જઈ રહી છે. જેમાં રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી



અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગહેલોતને પણ રાજયસભામાં સ્થાન મળી શકે છે તો સચિન પાયલોટને ગુજરાત કોંગ્રેસ પ્રભારી અને અશોક ગહેલોતને એઆઈસીસીમાં સક્રિય કરવાનુ આયોજન ચાલી રહયુ છે. દિલ્હી ખાતે છેલ્લે યોજાયેલી બેઠકમાં નવી રણીનીતી પર ચર્ચા થઈ રહી છે.

જો આ પ્લાનીંગ સફળ રહયુ તો જલ્દી જ ગુજરાત કોંગ્રેસ ને નવા પ્રભારી મળશે અને સચિન પાયલોટને ગુજરાતની જવાબદારી સોંપવામાં આવી શકે છે. સચિન પાયલોટને ગુજરાતની જવાબદારી સોંપવામાં આવે તો રાજકીય નિષ્ણાંતોએ જણાવ્યુ હતુ કે ગુજરાત કોંગ્રેસની કમાન સચિન પાયલોટના હાથમાં આવતા જ તેમાં નવા પ્રાણ ફુંકાઈ શકે છે. એકતરફ ગુજરાતમાં ચુંટણીઓ આવી રહી છે આવામાં ગુજરાત કોંગ્રેસે ફરી સજીવન કરવાની જરૂર છે. સ્થાનિક સ્તરે ગુજરાત કોંગ્રેસ અનેક મુદ્દાઓ પર ભાજપ સામે મોરચો માંડી રહી છે. પરંતુ હવે કોંગ્રેસે આક્રમક બનીને ફ્રન્ટ ફુટ પર આવવાની જરૂર છે. જેમાં સચિન પાયલોટનુ વિઝન કામ આવી શકે છે. નિષ્ણાંતો માને છે કે સચિન પાયલોટ પોતાની રાજકીય કારર્કિદી આગળ વધારવા માટે પોતાના ગૃહ રાજય રાજસ્થાનના સ્તરે સત્તા મેળવવાનો પ્રયાસ કરી રહયા છે. ૨૦૧૮ ની વિધાનસભા ચુંટણીમાં સચિન પાયલોટ પોતાની મહેનતથી રાજયમાં પોતાની પાર્ટીને સત્તામાં લાવવા સફળ રહયા હતા. પરંતુ અંતે અશોક ગહેલોતને મુખ્યમંત્રીનો તાજ મળ્યો હતો. હવે સચિન પાયલોટ ફરી એકવાર પોતાની રાજકીય શકિત પાછી મેળવવાનો પ્રયાસ કરી રહયા છે. સચિન પાયલોટ અને રાહુલ ગાંધી વચ્ચે મિત્રતાભર્યો વહેવાર પણ છે.

# નર્મદા જિલ્લામાં ચુંટણી પહેલા જ મોટો ખેલાયો ખેલ : કોંગ્રેસ પ્રમુખના પરીવારના જ વોટ કપાઈ ગયા : ભાજપ સરકાર પર વોટ ચોરીનો ગંભીર આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતમાં ચુંટણીપંચની સુચના અનુસાર ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (એસઆઈઆર) પૂર્ણ થઈ છે. ગઈ તારીખ ૧૭ ફેબ્રુઆરી ના રોજ આખરી મતદાર યાદી સત્તાવાર રીતે પ્રસિધ્ધ કરવામાં આવી છે. તેવામાં નર્મદામાંથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખના પરીવારના નામ મતદાર યાદીમાંથી ગાયબ થઈ જતા વિરોધનો સુર છેડાયો છે. નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ તડવીના પત્ની (માજી મહિલા મોરચા પ્રમુખ), માતા , કાકાઓ અને અન્ય પરીવારજનોના નામ મતદાર યાદીમાંથી કમી કરાયા છે, ફાઈનલ મતદાર યાદી જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જોતા તેમાંથી નામ ગુમ છે, ત્યારબાદ કોંગ્રેસ નેતાએ આરોપ લગાવ્યો હતો કે સરકાર જાણી જોઈને કોગ્રેસ



સમર્થકો અને નેતાઓના નામો ટાર્ગેટ કરીને કાઢી રહી છે.

આ મામલે કોંગ્રેસ દ્વારા ઉચ્ચસ્તરે ઉગ્ર રજુઆતો કરવામાં આવી છે અને વહિવટી તંત્રની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે. નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ તડવીએ સમગ્ર મામલે કહયુ હતું કે મારા ગામ સાંઢીયા માં થી ૯૭ નામ મતદાર યાદીમાંથી નિકળી ગયા છે. ૫૯૮ નુ વોટીંગ છે જેમાંથી ૯૭ નામ કમી થઈ ગયા છે, એમાં મારા માતા રમીલાબેન દિનેશભાઈ તડવી આ ઉપરાંત મારી પત્નીનુ નામ પણ નથી, મારા કાકા અને ભત્રીજા અને અન્ય ભાઈઓ મળીને કુલ મારા જ પરીવારમાંથી ૨૫ નામ નિકળી ગયા છે. તો રાહુલ ગાંધી કહે છે તમે વોટચોરી કરી છે, અમારા ગામ અને મારા પરીવારમાંથી કોંગ્રેસને વોટ આપે છે તેવા ૨૫ નામ નિકળી ગયા છે. તો નાનુ મોટુ ઈલેકશન હોય જિલ્લા કે તાલુકાનુ જો આમ જ દરેક ગામથી ૫૦ વોટ નિકળી જાય તો હજાર જેટલા વોટ સીધા કોંગ્રેસના જ કપાઈ જાય, જેનો સીધો જ ભાજપને ફાયદો થાય, મે મારૂ અને મારા પરીવારના ફોર્મ બીએલઓ પાસે ભર્યા છે, તેના પુરાવા પણ છે, તેમ છતાં અમારા નામ કાઢી નાખ્યા છે. મારૂ ટુંકમાં કહેવુ છે કે કેમ ફકત કોંગ્રેસના વોટ જ કાઢી નાખવામાં આવ્યા, અધિકારીને વાત કરી તો એમણે બીએલઓ પર બધુ ઢોળી દીધુ, બીએલઓ નુ તો ખાલી નામ છે, સરકાર જ આ બધુ કરે છે, સરકાર તરફથી જ આ લોકો અમારા જેવા કોંગ્રેસીઓના નામ કાઢી નાખે છે. અમે આ બાબતે આગામી દિવસોમાં આવેદનપત્ર આપીશુ અને કલેકટર ને પણ મળીશુ, આ અંગે જયારે અધિકારીને સમગ્ર બાબતે પ્રશ્ન પુછવામાં આવ્યો ત્યારે તેમણે બોલવાનુ ટાળ્યુ હતું. જેથી એ વાત સ્પષ્ટ થાય છે કે કયાંક ને કયાંક નર્મદા જિલ્લામાં એસઆઈઆર ની કામગીરીમાં કચાશ રહી છે.

મહત્વની વાત એ છે કે ફાઈનલ મતદાર યાદી જાહેર થઈ તેમાં ૪,૩૯,૩૭૯ લાખ મતદારો નોંધાયા છે, તેમજ ૫,૭૯૭ નવા મતદારોના નામ યાદીમાં ઉમેરવામાં આવ્યા છે તો ૯૭૧ મતદારોના નામ વિવિધ કારણોસર યાદીમાંથી દુર કરવામાં આવ્યા છે. જિલ્લામાં કુલ ૪૮૨૬ મતદારોનો ચોખ્ખો વધારો થયો છે. તેવામાં સવાલ એ ઉઠી રહયો છે કે જિલ્લામાં ૯૭૧ મતદારોના નામ કમી થયા છે. તેમાંથી સાંઢીયા ગામમાંથી ૯૭ નામ મતદાર યાદીમાંથી નિકળી ગયા છે. તો શું આ બીએલઓની ભુલ છે કે પછી કોંગ્રેસ નેતાના દાવા પ્રમાણે જાણી જોઈને કાઢી નાખવામાં આવ્યા છે ?

### માતા પિતાની સહમતીના બદલે લગ્ન બાદ જાણ કરવાના નિયમનો ઠેર ઠેર વિરોધ

# પ્રેમલગ્ન માટે સરકારે રજુ કરેલો સુચિત ડ્રાફ્ટ ખોડલધામ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને એસપીજીએ અધકચરો ગણાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પ્રેમ લગ્નના નામે ચાલતા લવ જેહાદ અને દિકરીઓને ફસાવવાના કારસા નાબુદ કરવા રાજય સરકારે લગ્ન નોંધણીના નવા નિયમોનો ડ્રાફ્ટ ગઈ કાલે વિધાનસભામા રજુ કરી વાંધા સુચનો મંગાવ્યા છે. ત્યાંજ સામાજિક સંસ્થાઓ અને આગેવાનોમાં અધકચરા નિયમોનો વિરોધ પ્રેમ લગ્નમાં માતા પિતાની સહમતી ફરજીયાત બનાવવાના બદલે લગ્નના ૧૦ દિવસમાં માતા પિતાને જાણ કરવાના નિયમનો વિરોધ કરાયો છે.

રાજયમાં લગ્ન નોંધણીની પ્રક્રિયામાં સરકાર દ્વારા કરવામાં આવી રહેલા ફેરફારો હવે સામાજિક અને રાજકીય ચર્ચાનુ કેન્દ્ર બન્યા છે. આ મુદ્દે ખોડલધામ સંસ્થાના અગ્રણી હસમુખભાઈ લુણાગરીયાએ



પોતાનો પક્ષ રાખતા જણાવ્યુ હતુ કે આ માંગણી સૌ પ્રથમ વર્ષ ૨૦૨૨ મા ગેનીબેન ઠાકોર દ્વારા વિધાનસભામાં ઉઠાવવામાં આવી હતી. ત્યારબાદ ખોડલધામ, ઉમિયા પરીવાર અને અન્ય વિવિધ સમાજોએ સરકારને રજુઆત કરી હતી. હસમુખભાઈએ યાદ અપાવ્યુ હતુ કે બે મહિના પહેલા જયારે સામાજિક અગ્રણીઓ ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી અને કાયદામંત્રી ઋષીકેશ પટેલને મળ્યા હતા ત્યારે સરકારે ખાત્રી આપી હતી કે આગામી વિધાનસભામાં એવો કાયદો લાવવામાં આવશે જેથી દિકરીના માતા પિતાએ યાતના ન ભોગવવી પડે, જો કે વર્તમાન સુધારા મુજબ જો સરકાર લગ્ન નોંધણીના ૩૦ દિવસ બાદ પરીવારને જાણ કરવાની વાત કરતી હોય તો તે બાબત હસમુખભાઈના મતે બિલકુલ યોગ્ય નથી. તેમણે સ્પષ્ટ કહયુ છે કે લગ્ન નોંધણી થયા પછી જાણ કરવાનો કોઈ અર્થ નથી, વાસ્તવિક જરૂરીયાત એ છે કે નોંધણી પહેલા માતા પિતાને જાણ કરવામાં આવે અને તેમની સંમતિ મળ્યા બાદ જ પ્રક્રિયા આગળ વધે, તેમણે વર્તમાન સુધારાને કાયદો લાવવામાં આવશે જેથી દિકરીના

આજ સુર પુરાવતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર પી પટેલે પણ સરકારના પગલાને આવકારવાની સાથે એક મહત્વનુ સુચન કર્યુ છે. તેમણે જણાવ્યુ છે કે માત્ર નોટીસ મોકલવી પુરતી નથી, પરંતુ લગ્ન નોંધણીમાં માતા પિતાની સહી ફરજીયાત હોવી જોઈએ. આર પી પટેલના મતે ઘણા કિસ્સાઓમાં સંપત્તિ પડાવવાના ઈરાદે લગ્ન થતા હોય છે, તેથી સરકારે આવા કિસ્સાઓમાં વિશેષ તકેદારી રાખવી જોઈએ, તેમણે વધુમાં માંગ કરી છે કે લગ્ન નોંધણીના દસ્તાવેજોની ચકાસણી બાદ (પીઆઈ કક્ષાના અધિકારીનો ) પ્રમાણપત્ર અનિવાર્ય બનાવવામાં આવે, જેથી અસામાજિક તત્વો દ્વારા પરીવારને થતી હેરાનગતિ રોકી શકાય. તો બીજી તરફ એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલે આ મામલે સરકાર સામે બાંયો ચઢાવી છે. તેમણે વર્તમાન સુધારાને અસંતોષકારક ગણાવતા કહયુ હતું કે જયાં સુધી ૫ મુખ્ય માંગણીઓ નહી સંતોષાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે, લાલજી પટેલની માંગ છે કે લગ્ન નોંધણીની સત્તા તલાટીને બદલે મામલતદાર કે કલેકટર કક્ષાના અધિકારી પાસે હોવી જોઈએ, તેમણે તર્ક આપ્યો હતો કે વોટસએપ જેવી માધ્યમોથી જાણ કરવાથી ભાગી ને થતા લગ્નો અટકવાના નથી , લાલજી પટેલે સુચવ્યુ હતુ કે લગ્ન બાદ દિકરીને સીધી પતિને સોંપવાને બદલે પહેલા તેના માતા પિતા પાસે લઈ જવી જોઈએ, જેથી તેને છેતરાઈને લેવાયેલા નિર્ણય વિષે સમજાવી શકાય, આમ સામાજિક અગ્રણીઓ એક સુરે માની રહયા છે કે સરકારના સુધારા માત્ર જાણકારી પુરતા સીમીત ન રહીને પૂર્વ મંજુરી અને સુરક્ષા પર કેન્દ્રીત હોવા જોઈએ.

# ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટા ૪.૮૫ કરોડના દારૂ દરોડાના ઘેરા પડઘા: પીઆઈ, પીએસઆઈ સહિત ૫ પોલીસકર્મી સસ્પેન્ડ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટો દારૂ અંગેનો દરોડો કચ્છ ભુજના વડવાળા ગામમાં પાડી દારૂના કટીંગ વેળાએ ત્રાટકી ૪.૮૫ કરોડનો ૫૬.૦૮૮ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈને કરોડોનો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીઓની ધરપકડ કરી ૨૩ આરોપીઓના નામ બહાર લાવતા ઘેરા પડઘા બાદ રેન્જ આઈજી દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ તાત્કાલીક અસરથી પધ્ધર પોલીસ મથકના પીઆઈ, પીએસઆઈ સહિતની ટીમને સસ્પેન્ડ કરી જવાનોની હેડ કવાર્ટર ખાતે બદલી તેમજ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ, પીએસઆઈને પણ લીવ રીઝર્વમાં બદલી કરી ફેંકી દેતા ચકચાર મચી જવા પામી છે.

એસએમસીના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ, કાઠીયાવાડમાં દારૂની હેરાફેરી અટકાવવા એસએમસીના વડા નિર્લિપ્ત રાયની સુચના અને યુવા એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ એસએમસી ના પીએસઆઈ એસ વી ગળચર અને ટીમ ભુજ ના વડવાળા ગ્રામ્ય વિસ્તારમાં દરોડો પાડયો હતો. વડવાળા ગામમાં બે આરોપી રાપરના જશરામ જાગાભાઈ ભરવાડ અને મેધપર બોરીચીના વિશાલ બિરેન કરમાકમ ને ઝડપી ૫૬૦૮૮ બોટલ વિદેશી દારૂ જેની કિંમત રૂપીયા ૪.૮૫ કરોડ તેમજ વાહનો સહિત ૫.૦૯ કરોડ નો મુદ્દામાલ કબ્જે કરી ૨૩ જેટલા લીસ્ટેડ બુટલેગર સહિતના આરોપીઓના નામ ખુલ્યા હતા. આ દારૂ લીસ્ટેડ બુટલેગર ભુજના ખેરા ગામના અનુપસિંહ અભેસિંહ રાઠોડ અને ગાંધીધામના લીસ્ટેડ બુટલેગર દેવેન્દ્ર ઉર્ફે દેવો ખોડીદાસ કાપડીયે મંગાવ્યો હોવાનુ બહાર આવતા અંજારના શીવરાજ વિરમ ગઢવી સહિત ૨૩ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

આ દરોડા ના ઘેરા પડઘા પડયા બાદ કચ્છ રેન્જ આઈજી ચિરાગ કોરડીયા દ્વારા તાત્કાલીક અસરથી ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ , પીએસઆઈ ની લીવ રીઝર્વમાં તેમજ પધ્ધર પોલીસ મથકના પીઆઈ , પીએસઆઈ સહિતના જવાનોને સસ્પેન્ડ કરી જવાનોની હેડ કવાર્ટર ખાતે બદલી કરવામાં આવતા પોલીસબેડામાં ફફડાટ વ્યાપી ઉઠયો છે.

રેન્જ આઈજી ચિરાગ કોરડીયાએ પધ્ધર પોલીસ મથકના પીઆઈ એ જી પરમાર,પીએસઆઈ વાય એસ ઝાલાને સસ્પેન્ડ કર્યા બાદ એએસઆઈ મહેન્દ્રસિંહ જાડેજા, એએસઆઈ મહિપાલસિંહ, હેડ કોન્સ્ટેબલ નિલેશ પુનાભાઈને પણ સસ્પેન્ડ કરી હેડ કવાર્ટર ખાતે બદલી કરવામાં આવી હતી અને લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એ એમ મકવાણા અને પીએસઆઈ જાદવની લીવ રીઝર્વમાં બદલી કરવામાં આવતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

# રાજયમાં આદિજાતિ ૮ અને બિન આદિજાતિ વિસ્તારમાં ૮ મળી કુલ ૧૬ નવી સરકારી કોલેજ શરૂ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં આગામી શૈક્ષણિક વરસથી કુલ ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. આ સાથે જ ૮ કોલેજોમાં હાલમાં જે પ્રવાહ ભણાવવામાં આવે છે તેની જગ્યાએ અન્ય પ્રવાહના કોર્ષ શરૂ કરવાનુ પણ નકકી કરાયુ છે.

આ નિર્ણયના કારણે આગામી શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓને સારી કોલેજમાં પ્રવેશ મેળવવાનો લાભ થશે, રાજયમાં સરકારી કોલેજોની સંખ્યા મર્યાદીત હોવાથી વિદ્યાર્થીઓએ નાછુટકે સ્વનિર્ભર કોલેજોમાં પ્રવેશ લેવો પડતો હોય છે. કેટલાક સમયથી અંતરીયાળ વિસ્તારોમાં નવી સરકારી કોલેજ શરૂ કરાઈ ન હોવાથી વિદ્યાર્થીઓએ નજીકના શહેરોમાં અથવા તો મોટા શહેરોમાં અભ્યાસ કરવા ફરજીયાત સ્થળાંતર કરવુ પડતુ હોય છે, કેટલાય સમયથી સરકારી કોલેજો શરૂ કરવા માટે કરવામાં આવેલી રજુઆતો બાદ હવે ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવાની અને ૮ કોલેજોમાં અન્ય પ્રવાહ ચાલુ કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. આ કોલેજો આગામી શૈક્ષણિક સત્ર થી જ શરૂ કરવામાં આવે એવી શકયતા છે. અત્યાર સુધી મેરીટમાં આવતા વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે બહાર જવુ પડતુ હતુ તેના બદલે હવે પોતાના જિલ્લા / તાલુકામાં જ સરકારી કોલેજમાં પ્રવેશ મેળવી શકશે.

જયારે આદિવાસી વિસ્તારોની વાત કરીએ તો નવસારી જિલ્લાના વાંસદામાં સરકારી કોલેજ વિજ્ઞાન વિષય પર શરૂ થશે, જયારે બનાસકાંઠા જિલ્લાના દાંતા માં સરકારી કોલેજ વિનયન વાણીજય વિષય સાથે શરૂ થશે, તો બિન આદિજાતિ વિસ્તારોમાં શરૂ થનારી કોલેજોમાં (૧) અમદાવાદ પૂર્વ ના હાથીજણ વિસ્તારમાં વિનયન, વાણીજય અને વિજ્ઞાન (૨) મહિસાગર જિલ્લાના ખાનપુરમાં વિનયન , વાણીજય અને વિજ્ઞાન (૩) ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં વિજ્ઞાન (૪) બનાસકાંઠા જિલ્લાના ધાનેરામા વિનયન, વાણીજય અને વિજ્ઞાન જયારે મોરબી જિલ્લાના માળીયામાં વિનયન , વાણીજય અને વિજ્ઞાન જયારે ગાંધીનગર જિલ્લાના દહેગામમાં વિજ્ઞાન ની કોલેજ શરૂ થશે. તો બીજી તરફ બિન આદિજાતિ વિસ્તારમાં આવેલી સરકારી કોલેજોમાં નવા પ્રવાહ શરૂ થશે. જેમાં અમદાવાદ જિલ્લાની માંડલ સરકારી કોલેજમાં વાણીજય પ્રવાહ શરૂ થશે. તો બીજી તરફ અરવલ્લી જિલ્લાના બાયડ સરકારી કોલેજમાં વાણીજય વિજ્ઞાન પ્રવાહ શરૂ થશે. તો બીજી તરફ આણંદ જિલ્લાના તારાપુર સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ થશે. તો બીજી તરફ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સરકારી કોલેજમાં વાણીજય પ્રવાહ શરૂ થશે, જયારે જામ ખંભાળીયાની સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ થશે. તો બીજી તરફ વડોદરાની સાવલી સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ થશે.

દેવભુમિ દ્વારકા અને વડોદરાના સાવલી જેવા વિસ્તારમાં ચાલતી કોલેજમાં નવા પ્રવાહ એટલે કે સાયન્સ પ્રવાહ શરૂ કરવામાં આવશે, આ જ રીતે હાલમાં વાંસદામાં ચાલતી કોલેજમાં સાયન્સ અને બનાસકાંઠામાં પણ આર્ટસ એન્ડ કોમર્સ પ્રવાહ શરૂ કરવામાં આવશે, દહેગામ અને ઉના ગીર સોમનાથમા સાયન્સ કોલેજ શરૂ કરવામાં આવશે.

આ સિવાય બિન આદિજાતિ વિસ્તારમાં તમામ નવી કોલેજમાં આર્ટસ, સાયન્સ અને કોમર્સની કોલેજ શરૂ કરવામાં આવશે. આદિજાતિ વિસ્તારમાં નવી કોલેજો કયાં શરૂ થશે તેની ઉપર નજર કરીએ તો (૧) બનાસકાંઠા જિલ્લાના હડાદ માં વિનયન અને વાણીજય (૨) વલસાડ જિલ્લાના નાનાપૌઢી મા વિનયન અને વાણીજય (૩) મહિસાગર જિલ્લાના ગોધરામાં વિનયન અને વાણીજય જયારે દાહોદ જિલ્લાના કદવાવ ની ગોવિંદગુરૂ કોલેજમાં વાણીજય અને વિનયન જયારે છોટા ઉદેપુર જિલ્લાના કઠવાલમાં વિનયય અને વાણીજય અને વિજ્ઞાન જયારે સુરત જિલ્લાના અરેઢ માં વિનયન વાણીજય અને વિજ્ઞાન તો બીજી તરફ સુરતના અંબિકામાં વિનયન અને વાણીજય જયારે નવસારી જિલ્લાના ખેર ગામમાં લો કોલેજ શરૂ કરવામાં આવશે.

# ભાવનગર ચિત્રા GIDCમાં JK Tyres અને લક્ષ્મી ફરસાણમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા) ભાવનગર

ભાવનગર શહેરના ચિત્રા GIDC વિસ્તારમાં આજે વહેલી સવારે વિકરાળ આગનું તાંડવ જોવા મળ્યું હતું. એકાએક ફાટી નીકળેલી વિકરાળ આગે જોતજોતામાં ટાયરના ગોડાઉન અને ફરસાણની ફેક્ટરીને પોતાની ઝપેટમાં લઈ લેતા સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ભીષણ આગની સ્થિતિને જોતા ફાયર વિભાગે મેજર કોલ જાહેર કર્યો હતો, ત્યારે ૧૧થી વધુ ફાયરની ગાડીઓ સાથે ૭૦ જવાનોએ સતત ૪ કલાક સુધી ૨ લાખ લીટર પાણીનો મારો ચલાવી આગ પર ભારે જહેમતે કાબૂ મેળવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર ચિત્રા GIDCમાં આવેલ જે.કે. ટાયર્સના સ્ટોરેજ અને તેની બાજુમાં જ આવેલ લક્ષ્મી ફરસાણના યુનિટમાં આજે ૨૧મી ફેબ્રુઆરીએ સવારના સમયે અચાનક આગ લાગી હતી. ટાયરના જથ્થાને કારણે આગે અત્યંત રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને આકાશમાં ધુમાડાના કાળા ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. રહેણાંક વિસ્તારની નજીક જ આગ લાગી હોવાથી લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો.બાદમાં ઘટનાની જાણ થતા જ ભાવનગર ફાયર બ્રિગેડની ટીમ હરકતમાં આવી હતી. શરૂઆતમાં પશ્ચિમ ઝોનલની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગની ગંભીરતા જોતા તેને તાત્કાલિક 'મેજર ફાયર' જાહેર કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિ બેકાબૂ બનતી જોઈ હેડક્વાર્ટર પાસે વધારાની મદદ માંગવામાં આવી હતી અને ચારેબાજુથી પાણીનો મારો ચલાવી આગને અન્ય એકમોમાં ફેલાતી અટકાવવામાં આવી હતી.આ આગ એટલી ભીષણ હતી કે તેને કાબૂમાં લેવા માટે ફાયરની ૧૧ ગાડીઓ અને ૭૦ જેટલા તાલીમબદ્ધ જવાનો કામે લાગ્યા હતા. સતત ૪ કલાક સુધી અંદાજે સવા બે લાખ લીટર પાણીનો મારો ચલાવ્યા બાદ આખરે આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી.હાલની માહિતી મુજબ, આ ભીષણ આગમાં બંને એકમોમાં રહેલો લાખો રૂપિયાનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો છે. જોકે, રાહતની વાત એ છે કે જે સમયે આગ લાગી ત્યારે કોઈ શ્રમિક હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે. સાથે ફાયર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ ઈજા કે મૃત્યુના સમાચાર નથી.હાલ આ વહેલી સવારે લાગેલી આ આગ પાછળનું સચોટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની શંકા સેવાઈ રહી છે, જોકે એફએસએલ અને ફાયર વિભાગની તપાસ બાદ જ સ્પષ્ટ થશે કે આટલી વિકરાળ આગ પાછળ કયું પરિબળ જવાબદાર હતું. ત્યારે હાલમાં સમગ્ર પ્લાન્ટમાં કુલિંગની પ્રક્રિયા પૂર્ણ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# દેશમાં દરેક જગ્યાએ "સર" અંગે ઉઠેલી ફરિયાદો ચૂંટણીપંચની સરિયામ નિષ્ફળતાનો નમૂનો છે

(છગન લાલ મેવાડા ધ્વારા) સુરત

ચૂંટણીપંચ, ઈડી, સીબીઆઈ કે એવી કોઈ પણ સ્વાયત સંસ્થા કે જેનું સૌથી પહેલું કામ તટસ્થતાપૂર્વક કામગીરી કરવાનું હોય છે. પણ એની સામે જ જ્યારે સવાલો ઊભા થાય અને એ પણ એક નહીં અનેક સ્થળે ઊભા થાય તો પછી આવી સંસ્થાઓની વિશ્વસનિયતા પર બટ્ટો લાગે છે. અને આજે તો એવી પરિસ્થિતી છે કે આ પ્રકારની સંસ્થાઓ તટસ્થતાથી નહીં પણ પક્ષપાત પૂર્વક વર્તે છે. અને એમાયે મોટે ભાગે શાસક પક્ષના ઈશારે જ ચાલે છે. એવી છાપ પ્રજાના એક વર્ગમાં ઊભી થઈ છે.

આપણે જો ચૂંટણીપંચની વાત કરીએ તો દેશની આ એવી સ્વાયત સંસ્થા છે કે જેની પર દેશની લોકશાહીની તંદુરસ્તીનો આધાર છે પરંતુ જ્યારે આ જ સંસ્થા પર પક્ષપાતી હોવાના આરોપો લાગે અને એમાં વજૂદ પણ જણાય તથા દેશની સર્વોચ્ચ અદાલતે પણ તેને વારેઘડીએ ઠમઠોરવી પડે તો એ બાબત ચૂંટણીપંચ માટે તો શરમજનક છે જ પરંતુ દેશની લોકશાહી માટે પણ ભારે ચિંતાની બાબત છે. બીજું ચૂંટણીપંચની આવી વિવાદાસ્પદ કામગીરી સાથે જે રીતે દેશભરમાંથી ફરિયાદો ઉઠી રહી છે તે બતાવે છે કે ચૂંટણીપંચ દેશના તમામ નાગરિકોનો વિશ્વાસ જીતવામાં સાવ નિષ્ફળ ગયું છે.

મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા કામગીરી (SIR) અંગે ચૂંટણીપંચ પાસે સૌથી મહત્વપૂર્ણ અપેક્ષાઓમાંની એક એ રહી છે કે તે સંપૂર્ણપણે પારદર્શક હોવી જોઈએ. અનેક વિવાદો વચ્ચે વિરોધ પક્ષો ધ્વારા ઉઠાવવામાં આવેલી આ એક મુખ્ય માંગ પણ રહી છે. આ મુદા પર ચૂંટણીપંચનો તર્ક એવો રહ્યો છે કે મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાનો હેતુ અયોગ્ય વ્યક્તિઓને દૂર કરવાનો છે. આમાં સ્થળાંતર કરનારા અને મૃત્યુ પામેલા લોકોનો સમાવેશ થશે. આ ઉદ્દેશ સામે કોઈ ને વાંધો નથી. પરંતુ વિવિધ રાજ્યોમાં મતદાર યાદીઓમાંથી કરોડોની મોટી સંખ્યામાં લોકોને બાકાત રાખવામા આવ્યા હોવાના અહેવાલે ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે. આનું મૂળ કારણ સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ હોઈ શકે છે. જેના કારણે સામાન્ય નાગરિકોમાં અનેક ચિંતાઓ ઊભી થઈ છે. જો SIR પ્રક્રિયા શરૂઆતથી અંત સુધી સંપૂર્ણપણે પારદર્શક હોત તો બિનજરૂરી વિવાદો ટાળી શકાયા હોત.

અને મતદારોને તેમના મતદાન કરવાના લોકશાહી અધિકારથી વંચિત રહેવાનો વારો ના આવે. બાકી દેશના જ નાગરિકો અને એમાં પણ ચોક્કસ સમુદાયના લોકોને સૌથી વધારે સંખ્યામાં વંચિત રાખવામાં આવ્યાની ફરિયાદો ઊઠે તો એ બાબત ચૂંટણીપંચની સરેઆમ નિષ્ફળતા જ ગણાય જે શરમજનક બાબત છે.

# વૈશ્યાવૃત્તિ પર નિવેદનો કરનાર મોના થીબા એ સોશીયલ મીડીયા દ્વારા માફી માંગવી જોઈએ : જૈની ઠુમ્મર

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના પૂર્વ ધારાસભ્ય ના પત્ની મોના થીબા એ વૈશ્યાવૃત્તિ અંગે આપેલા નિવેદનનો લઈ ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જેને લઈ કોંગ્રેસ મહિલા અગ્રણી જૈની ઠુમ્મરે આ શબ્દોને વખોડી કાઢયા છે.

કોંગ્રેસ પ્રદેશ મહિલા અગ્રણી જૈની ઠુમ્મરે વિડીયોના માધ્યમથી જણાવ્યુ હતુ કે આજે ગુજરાતી પીકચરના નેતા મોનાબેન થીબા એ જે વૈશ્યાવૃત્તિ પ્રત્યે નિવેદન આપ્યુ છે તેને હું દુર્ભાગ્યપૂર્ણ ગણાવુ છું. વધુમાં તેમણે કહયુ હતુ કે તેઓના પતિ ધારાસભ્ય તરીકે રહી ચુકયા છે. તેમજ સસરા પણ ધારાસભ્ય તરીકે રહી ચુકયા છે, જાહેર જીવન સાથે પરીવાર સંકળાયેલો છે, ત્યારે વૈશ્યાવૃત્તિ નુ સ્ટેટમેન્ટ આપતા પહેલા મોના થીબાએ શરમાવુ જોઈએ, વધુમાં ઠુમ્મરે કહયુ હતુ કે ગુજરાતી પીકચરમાં સંજોગો અને પરીસ્થિતિને પુનરાગમન થયુ છે, તેના માટે હું અભિનંદન પાઠવુ છુ, ત્યારે પ્રમોશન માટે આ નિવેદન આપતા હોય તો તે વખોડવા લાયક છે, વધુમાં જૈનીબેન ઠુમ્મરે કહયુ હતુ કે હાલમાં કેટલીક એનજીઓ વૈશ્યાવૃત્તિમાંથી મહિલાઓને બહાર લાવવા માટે પ્રયત્નો કરતી હોય છે, ત્યારે મોના થીબાએ આ સમાજ સેવામાં એવી કેટલી બહેનો જોડાયેલી છે તે જાહેરમાં લાવવુ જોઈએ.

જાહેર મીડીયામાં જઈ મોના થીબાએ માફી માંગવી જોઈએ, સમાજ સેવા માટે આવી કેટલી બહેનો જોડાયેલી છે તે તમારે બહાર લાવવુ જોઈએ. વધુમાં આ શબ્દો તમારા મોઢે શોભતા નથી, ત્યારે આવુ નિવેદન કરતા પહેલા વિચારી નિવેદન આપવુ જોઈએ અને માફી માંગવી જોઈએ.

# અરવલ્લી જિલ્લાના બાયડમાં નકલી દુધનુ નેટવર્કઃ યુવરાજસિંહ જાડેજાની જનતા રેડ બાદ ડેરીના ચેરમેનના ગામ સુધી નકલી દુધનો પહોચ્યો રેલો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં શિક્ષણ બાદ હવે શ્વેતક્રાંતિમાં પણ નકલીનો ખેલ બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. વિદ્યાર્થી નેતા અને ક્ષત્રીય અગ્રણી યુવરાજસિંહ જાડેજાએ ફીલ્મી ઢબે પીછો કરીને નકલી દુધ ભરેલુ ટેન્કર ઝડપી પાડતા સહકારી આલમમાં ભુકંપ આવી જવા પામ્યો છે.

આ કૌભાંડનો રેલો સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલના વતન પીપોદરા સુધી પહોચતા હવે અનેક સવાલો ઉઠી રહયા છે. છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં નકલી દુધનુ મોટુ નેટવર્ક કાર્યરત હોવાની બાતમીના આધારે યુવરાજસિંહ જાડેજાએ વોચ ગોઠવી હતી. મોડી રાત્રે એક શંકાસ્પદ ટેન્કરનો પીછો કરવામાં આવ્યો હતો. આ ટેન્કર નકલી દુધ ભરીને સ્થાનિક દુધ મંડળીઓમાં ખાલી કરવા જઈ રહયુ હોવાનુ બહાર આવ્યુ હતું. યુવરાજસિંહે આક્ષેપ કર્યો હતો કે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતુ આ સફેદ ઝેર પધ્ધતિસર રીતે ડેરીમાં ભેળવવામાં આવતુ હતું. આમોદરા અને પીપોદરા મંડળી શંકાના ઘેરામાં સૌથી ચોંકાવનારી વિગત એ છે કે આ નકલી દુધ અરવલ્લી જિલ્લાના આમોદરા અને પીપોદરા ગામની સહકારી મંડળીઓમાં ઠલવાતુ હોવાનુ બહાર આવ્યુ છે. પીપોદરા ગામ એ સાબરડેરીના વર્તમાન ચેરમેન શામળભાઈ પટેલનુ માતૃગામ છે. ચેરમેનના જ ગામની મંડળીમાં જો નકલી દુધ સ્વીકારવામાં આવતુ હોય તો આ નેટવર્ક કેટલુ ઉંડું હશે તે કલ્પનાનો વિષય છે, જેમાં મોટા માથાઓની સંડોવણી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે.

સ્થાનિક સ્તરે અને સોશીયલ મીડીયામાં એવી પ્રબળ ચર્ચાઓ ચાલી રહી છે કે આ આખુ કૌભાંડ કોઈ નાના માણસનુ કામ નથી, લાખો લીટર નકલી દુધ જો સિસ્ટમમાં ઘુસી જતુ હોય તો તેમાં ઉપરના સ્તરેથી આશીર્વાદ હોવા જોઈએ. પીપોદરા ગામનુ નામ બહાર આવતા શામળભાઈ પટેલ સહિત ડેરીના અન્ય સત્તાધીશો સામે પણ આંગળીઓ ચીંધાઈ રહી છે. લોકો સવાલ કરી રહયા છે કે શું ચેરમેનને પોતાના જ ગામની મંડળીમાં શું ચાલે છે તેની ખબર ન હતી ? શું આ કૌભાંડમાં ડેરીના ઉચ્ચ અધિકારીઓ કે રાજકીય નેતાઓની મીલીભગત છે ? સામાન્ય પશુપાલકોના દુધના ભાવ કાપવામાં આવે છે. તો નકલી દુધ સામે આંખઆડા કાન કેમ કરવામાં આવી રહયા છે. યુવરાજસિંહ જાડેજાએ આ બાબતે કડક તપાસની માંગ કરી છે અને જણાવ્યુ છે કે આ માત્ર એક ટેન્કર નથી પણ આખુ રેકેટ છે. જે ઉત્તર ગુજરાતના પશુપાલકો અને ગ્રાહકો સાથે દ્રોહ કરી રહયુ છે.

જો નિષ્પક્ષ તપાસ થાય તો અનેક સફેદ પોશ ચહેરાઓ બેનકાબ થઈ શકે છે. હાલ તો સાબરડેરી અને સહકારી ક્ષેત્રમાં આ વિષય ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે. હવે જોવાનુ એ રહે છે કે તંત્ર આ બાબતે કડક પગલા ભરે છે કે પછી મોટા માથાઓને બચાવવા માટે આ પ્રકરણ પર પડદો પાડી દેવામાં આવે છે.

# સુરેન્દ્રનગરમાં હનીટ્રેપ ગેંગ ઝડપાઈ, જમીન દલાલને પ્રેમજાળમાં ફસાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરમાં હનીટ્રેપ ગેંગ ઝડપાઈ છે. જમીન દલાલને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ તેનો આપત્તિજનક વીડિયો ઉતારી ૧ કરોડ રૂપિયા પડાવી લીધા હોવાની ઘટના મામલે પોલીસે એક મહિલા સહિત ૪ આરોપીની ધરપકડ કરી છે. સમગ્ર કેસ મામલે પોલીસે રૂ.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તુષાર ઘેલાણીના આપઘાત કેસમાં મોટો વળાંક : મહિલા મિત્રએ મરવા મજબુર કર્યો હોવાની ફરીયાદ

પ્રતિનિધિ,ગાંધીનગર



સુરતમાં જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત કેસમાં મોટો વળાંક આવ્યો છે. જયાં ઉમરા પોલીસે તેમની મહિલા મિત્ર પુનમ ભાદોરીયા સામે આપઘાત માટે દુષ્પ્રેરણના નો ગુન્હો નોંધી તેની અટકાયત કરી છે. પરીવારનો આરોપ છે કે પુનમ ભાદોરીયા તુષારને બ્લેક મેઈલીગ કરીને માનસિક અને ઈમોશનલ ત્રાસ આપી રહી હતી. જેના કારણે તેઓએ આત્મઘાતી પગલુ ભર્યુ,

ઘટનાની વિગતો અનુસાર ગઈ તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ તુષાર ઘેલાણીએ પોતાના ઘરમાં લાયસન્સ વાળી રીવોલ્વરથી પોતાને ગોળી મારી દીધી હતી. જે બાદ તેમને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમનુ ૫ મી ફેબ્રુઆરી એ મોત નિપજયુ હતું. પરીવારે પોલીસમાં અરજી કરીને આરોપ લગાવ્યો હતો કે પુનમ ભાદોરીયા તુષારને પ્રોપર્ટી અને અન્ય મુદ્દાઓ પર દબાણ કરી રહી હતી અને તેમને આબરૂ જવાની ધમકી આપીને બ્લેકમેઈલ કરતી હતી. આ અરજીના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. આજે ૨૧ ફેબ્રુઆરી પુનમ ભાદોરીયાની અટકાયત કરવામાં આવી હતી. પરીવારના સભ્યોએ જણાવ્યુ હતુ કે પુષાર હિંમતવાન વ્યકિત હતા અને તેઓ કયારેય આપઘાત જેવુ પગલુ ન ભરે, પરંતુ મહિલા મિત્રના ત્રાસને કારણે તેઓ તુટી ગયા હતા, પોલીસે સીસીટીવી કુટેજ, મોબાઈલ રેકોર્ડ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ આગળ વધારી છે અને આ કેસમાં વધુ ખુલાસા બહાર આવવાની શકયતા છે. હાલ પુનમ ભાદોરીયાની પોલીસ દ્વારા પુછપરછ ચાલી રહી છે. પોલીસે આ મામલે વધુ વિગતો જાહેર કરવાની તૈયારીમાં છે. આ કેસે સુરતમાં ખળભળાટ મચાવી દીધો છે. અને રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. તો બીજી તરફ પુનમ ભાદોરીયાએ પણ પોલીસ કાઉન્ટર પર અરજી કરી છે જેમાં તેણે દાવો કર્યો છે કે તુષારનુ મોત આત્મહત્યા નહી , હત્યા છે, તેણે કહયુ કે તુષારને ઘરે માન સન્માન ન હતુ મળતુ અને તેણે તેની દિકરીના લગ્ન માટે તેના માતા પિતા પાસેથી ૨૫ લાખ રૂપીયા ઉછીના લીધા હતા, આ કારણે કેસમાં સામ સામે ફરીયાદો નોંધાઈ છે. જેને કારણે તપાસ વધુ જટીલ બની છે. પોલીસ તપાસમાં મોબાઈલ ચેટસ, કોલ રેકોર્ડ, બેંક ટ્રાન્ઝેકશન, સીસીટીવી અને અન્ય પુરાવાઓની તપાસ ચાલી રહી છે. પુનમ ભાદોરીયા એ તુષાર ઘેલાણીની ખાસ મિત્ર હતી, આ બંનેનો સંબંધ ૨૦૧૦ માં શરૂ થયો હતો. જયારે પુનમ તુષારની ઓફીસમાં રીસેપ્શનિસ્ટ તરીકે જોડાઈ હતી, થોડા સમય માટે તેઓ અલગ થયા હતા પણ વર્ષ ૨૦૧૨-૧૩ આસપાસ તેઓ ફરી મળ્યા હતા, પછી બંનેએ સાથે મળીને બિઝનેશ શરૂ કર્યો હતો. પહેલા તુષારની બિલ્ડીંગમાં બચપન નામની સ્કુલની ફ્રેન્ચાઈઝી ચલાવી અને પછી જોલી આર્કડ પાછળ બલ્યુ પાપલીન નામની પ્રિ પ્રાયમરી સ્કુલ શરૂ કરી હતી જેમાં પુનમ કોઈપણ દસ્તાવેજી આર્થિક રોકાણ વગર મેનેજીંગ પાર્ટનર તરીકે કામ કરતી હતી અને નફામાં ભાગ લેતી હતી. વધુમાં પોલીસે ઓગસ્ટ ૨૦૨૫ માં થયેલા એક શંકાસ્પદ પ્રોપર્ટી ટ્રાન્સફર પર પણ પ્રકાશ પાડયો છે. જેમાં તુષારે જોલી આર્કેડમાં આવેલી બે દુકાનો, જેની અંદાજીત કિંમત રૂપીયા ૧.૦૬ કરોડ છે. એ કોઈપણ બેંકીગ વ્યવહાર વગર પુનમના નામે કરી દીધી હતી.


